# દેશનું સૌથી સ્વચ્છ શહેર છે ઈંદોર

*નવી દિલ્હી:* સરકારના સ્વચ્છતાના સર્વેક્ષણમાં સૌથી સ્વચ્છ રાજધાની તરીકે મુંબઇ અને સૌથી સ્વચ્છ શહેર તરીકે પહેલા, બીજા અને ત્રીજા ક્રમે અનુક્રમે ઇંદોર, ભોપાલ અને ચંડિગઢના નામ ચમક્યા છે. દેશના વિવિધ શહેરોમાં સ્વચ્છતાના પ્રમાણ માપવાના આશયથી સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૮ના પરિણામો જાહેર કરાયા હતા. પરિણામો રાજ્ય કક્ષાના હાઉસિંગ પ્રધાન હરદીપસિંહ પુરીએ જાહેર કર્યા હતા. શ્રેષ્ઠ કાર્યક્ષમ રાજ્યમાં પહેલા ક્રમાંકે ઝારખંડ અને ત્યાર બાદ મહારાષ્ટ્ર અને ચંડિગઢનો નંબર આવ્યો હતો. સૌથી મોટા અને સ્વચ્છ શહેરનો ખિતાબ વિજયવાડાને, મધ્યમ કદના સ્વચ્છ શહેર માટે મૈસૂરુ, સૌથી નાનું સ્વચ્છ શહેર તરીકે નવી દિલ્હી પાલિકા વિસ્તારના નામો જાહેર કરાયા હતા. આ વર્ષના સર્વેક્ષણમાં નાગરિકોના રોજબરોજના અનુભવોને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ઇંદોર ગયા વર્ષે પણ સૌથી સ્વચ્છ શહેર હતું, પણ એ વખતે ફક્ત ૪૩૦ શહેરોનું સર્વેક્ષણ કરાયું હતું, જ્યારે આ વર્ષે અંદાજે ૪૨૦૦ શહેરોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

પુરીએ જણાવ્યું હતું કે જે દિવસે આ ઇનામો અપાશે, એજ દિવસે સૌથી ગંદા શહેરોના નામ પણ જાહેર કરવામાં આવશે. (પીટીઆઇ) ■

# એસસી-એસટી ધારા અંગેના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો સુપ્રીમે

*નવી દિલ્હી:* સુપ્રીમ કોર્ટે પોતાના ૨૦મી એસસી/એસટી એક્ટ વિષયક આદેશ વિશે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે સંસદ પણ યોગ્ય પ્રક્રિયા વગર કોઇ વ્યક્તિની અટક માટે પરવાનગી ન આપી શકે અને કોર્ટે ફરિયાદની યોગ્ય તપાસ કરવાનો આદેશ આપીને નિર્દોષ વ્યક્તિઓના જીવવાના અને આઝાદીના મૂળભૂત હકોનું રક્ષણ કર્યું છે. સંસદે ઘડેલા કાયદામાં કોર્ટ કોઇ નિયમ ન ઉમેરી શકે એવી દલીલ કેન્દ્ર સરકારે કરીને સુપ્રીમ કોર્ટના કાયદાનો વિરોધ કર્યો હતો. જસ્ટિસ આદર્શ ગોયલ અને યુ. યુ. લલિતની ખંડપીઠે જણાવ્યું હતું કે જો એક તરફની ફરિયાદ સાંભળીને કોઇ પણ નિર્દોષને જેલમાં ધકેલી દેવાની અમે પરવાનગી આપીએ તો એનો અર્થ એ થયો કે આપણે સભ્ય સમાજમાં નથી રહેતા. ખંડપીઠે આ મામલાની સુનાવણીની તારીખ ઉનાળાના વેકેશન બાદ બીજી જુલાઇએ કરવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે એ વખતે કોર્ટ સંબંધિત પક્ષોની દલીલ સાંભળશે. બુધવારની સુનાવણી વખતે ખંડપીઠે જણાવ્યુ હતું કે બંધારણના આર્ટિકલ ૨૧ને બધા જ પ્રોવિઝન સાથે માનવા વિશે અનેક વખત જજમેન્ટ આપવામાં આવ્યા છે. સંસદ પણ આર્ટિકલ ૨૧ આપવાની ના ન પાડી શકે. આપણું બંધારણ પણ પ્રાવધાન વગર કોઇપણ વ્યક્તિની અટકની પરવાનગી નથી આપતું. માર્ચ ૨૦ના અમારા આદેશમાં અમે આ કોર્ટના અગાઉના આદેશો વિશે જ વાત કરી છે, જેમાં જણાવાયું હતું કે આર્ટિકલ ૨૧નું રક્ષણ થવું જોઇએ. તપાસ વગર અમે કોઇ વ્યક્તિની એકતરફી ફરિયાદના આધારે કઇ રીતે અટક કરવાની પરવાનગી આપી શકીએ. બંધારણીય કોર્ટે સમાજની દરેક વ્યક્તિના જીવવાના, આઝાદીના અને નિષ્પક્ષ પ્રાવધાનના હકનું ધ્યાન રાખવાનું હોય છે. વ્યક્તિના મૂળભૂત હકો સાથે તોડમરોડ ન થાય એ માટેની સત્તા કોર્ટ પાસે છે. (પીટીઆઇ) ■

# વૉલમાર્ટ-ફ્લિપકાર્ટ સોદાને મંજૂરી ન આપવાની કેઈટની સરકારને અરજ

*નવી દિલ્હી:* અમેરિકી રિટેલ વૉલમાર્ટ ભારતની ઇ-ટેલર ફ્લિપકાર્ટને ૧૬ અબજ ડૉલરમાં ખરીદી લેવાના સોદાથી દેશના વેપાર-વાણિજ્ય ક્ષેત્રમાં અસમતોલતા પેદા થશે એવો આક્ષેપ કરી આ સોદાને યોગ્ય ફોરમમાં પડકારવામાં આવશે એવો પડકાર કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઇટ)એ ફેંક્યો છે. ફ્લિપકાર્ટને હસ્તગત કર્યા બાદ ડિજિટલ ક્ષમતા મેળવનાર વૉલમાર્ટ દેશના ઇ-કોમર્સ તેમજ રિટેઈલ ક્ષેત્રને વિકૃત બનાવી દેશે. તેનાથી સૌથી વધુ નુકસાન છૂટક વેપારીઓ (નાના રિટેઈલર્સ)ને થશે અને માત્ર ને માત્ર વેન્ચર કેપિટાલિસ્ટ, રોકાણકારો અને પ્રોમોટર્સને જ આ સોદાથી ફાયદો થશે. દરમિયાન આ સોદાનો કોઈ પણ લાભ દેશને થવાનો નથી, એમ કેઇટે અગાઉ જણાવ્યું હતું. સરકારે દરમિયાનગીરી કરી આ સોદાનો અમલ મોકૂફ રાખવો જોઈએ અને આ સોદાની બારીકાઈપૂર્વક તપાસ કરવી જોઈએ. ઇ-કોમર્સ ક્ષેત્ર માટે સરકારે સત્વરે નવી નીતિ અમલમાં મૂકવી જોઈએ તેમ જ આ ક્ષેત્ર પર દેખરેખ રાખવા નિયમનકાર સંસ્થાની નિમણૂક કરવી જોઈએ, એમ કેઈટે જણાવ્યું હતું. ■

# અમેરિકા સાથેની મંત્રણા રદ કરવાની ઉ. કોરિયાની ધમકી

*પ્યોંગયાંગ:* ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે સિંગાપોર ખાતે યોજાનારી ઉચ્ચ સ્તરીય બેઠકમાંથી પીછેહઠ કરવાની તૈયારી બતાવી છે. કિમ જોંગે અમેરિકાને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું હતું કે વાત બંને દેશોની સરહદ પર અણુનિઃશસ્ત્રીકરણ અંગેની છે. જો માત્ર ઉત્તર કોરિયા પર જ દબાવની નીતિ રાખવાની હોય તો નોર્થ કોરિયા મંત્રણા કરવા તૈયાર નથી.

અમેરિકા અને સાઉથ કોરિયાની સરહદ પર બંને સૈન્ય દ્વારા આયોજિત મેક્સ થન્ડર એક્સરસાઇઝ અંગે ઉત્તર કોરિયાએ નારાજગી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે અણુનિઃશસ્ત્રીકરણ અંગે ૧૨ જૂનના રોજ સિંગાપોર ખાતે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-અન તથા ટ્રમ્પ વચ્ચે મુલાકાતનું આયોજન થયું છે. ઉત્તર કોરિયાના પ્રથમ વિદેશ મંત્રી કિમ કર્યેરવાને જણાવ્યા મુજબ ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ઉત્તર કોરિયાને અવગણવાનો પ્રયત્ન સાંખી લેવામાં નહીં આવે. કોરિયાની મીડિયા એજન્સીના જણાવ્યા મુજબ વિદેશમંત્રીએ એકતરફી અણુ સુધારા નીતિ અંગે વિરોધ વ્યક્ત કર્યો છે. જોકે ઉત્તર કોરિયાના વિરોધ વચ્ચે પણ અમેરિકા દ્વારા સિંગાપોર સંમેલનની તૈયારી શરૂ કરવામાં આવી છે અને વાઇટ હાઉસના જણાવ્યાનુસાર અમેરિકા મંત્રણા માટે તૈયાર છે.

કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી દ્વારા અમેરિકા તથા દક્ષિણ કોરિયન લશ્કરની સંયુક્ત 'મેક્સ થન્ડર' ડ્રીલને વખોડવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા મુજબ પરોક્ષ રીતે ઉત્તર કોરિયા પર દબાણ સર્જવાની નીતિ અમેરિકા દ્વારા અપનાવવામાં આવી રહી છે. અમેરિકા તરફથી વાઇટ હાઉસ પ્રેસ સેક્રેટરી સારાહ સેન્ડરે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાના નિવેદન પર અમેરિકા ધ્યાન આપશે, પરંતુ અમેરિકા તેના સહયોગી દેશ સાથે સંકલન પણ ચાલુ રાખશે. ■

# મુખ્ય સચિવ પર હુમલોઃ પોલીસ કેજરીવાલની પૂછપરછ કરશે

*નવી દિલ્હી:* દિલ્હી પોલીસે મુખ્ય સચિવ અંશુ પ્રકાશ પર ફેબ્રુઆરીમાં થયેલા કથિત હુમલાની ઘટનાના સંદર્ભમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને નોટિસ મોકલી છે અને શુક્રવારે તેમની પૂછપરછ કરાશે. આમ આદમી પક્ષ દ્વારા આ મામલે તીવ્ર પ્રતિક્રિયા વ્યકત કરવામાં આવી હતી કે નરેન્દ્ર મોદી દિલ્હી પોલીસનો કેજરીવાલ સામે દુરુપયોગ કરી રહ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેજરીવાલને તપાસમાં જોડાવા ૧૮મી મેએ સવારે ૧૧ વાગ્યે આવવાનું નોટિસમાં જણાવાયું છે. પોલીસે મોકલેલી નોટિસમાં જણાવાયું કે 'તપાસ માટે તમારી (કેજરીવાલની) જરૂર હોવાથી તમને ૧૮મી મેએ સવારે ૧૧-૦૦ વાગ્યે ઑફિસ/ નિવાસસ્થાને ઉપલબ્ધ રહેશો. આ સમયે તમને સત્તાવાર કામ હોય તો તમારો સમય અમને જણાવશો. મુખ્ય પ્રધાન સાથે વાતચીત કર્યા પછી નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાને પણ તપાસમાં જોડાવાનું કહેવામાં આવે તેવી શક્યતા છે. આપના દિલ્હી એકમના વડા પ્રવક્તા સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે બનાવટી કે ઉપજાવી કાઢવામાં આવેલા કેસમાં મુખ્ય પ્રધાનની પૂછપરછ કરવામાં આવી રહી હોય એવું પહેલીવાર બન્યું છે. ■

# ₹ ૧૦૦ કરોડનો આક્ષેપ સાવ વાહિયાતઃ ભાજપ

*બૅંગલુરુ:* કર્ણાટકમાં સરકારની રચના કરવાના પ્રયાસ તરીકે ભાજપ દ્વારા જનતા દળ (સેક્યુલર)ના વિધાનસભ્યોને રૂ. ૧૦૦ કરોડ આપવાની ઑફર કરવામાં આવી હોવાના જેડી(એસ)ના નેતા કુમારસ્વામીએ કરેલા આક્ષેપને કેન્દ્રના પ્રધાન પ્રકાશ જાવડેકરે 'કાલ્પનિક' લેખાવ્યો હતો. તેમણે કહ્યું કે રૂ. ૧૦૦ કરોડ, રૂ. ૨૦૦ કરોડની સંખ્યા કાલ્પનિક છે. ભાજપ કશું કરી નથી રહ્યો. જેડી(એસ) અને કૉંગ્રેસ આવા પ્રકારનું રાજકારણ કરે છે, એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. કેન્દ્રના પ્રધાને કૉંગ્રેસ અને જેડી (એસ) પર 'દુષ્ટ' રીતે એકત્ર થયા હોવાનો આક્ષેપ કર્યો હતો. મતદાનનું પરિણામ આવ્યા પછી ભાજપ દ્વારા સરકાર રચવાના આક્રમક પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાથી જાવડેકર કર્ણાટકમાં છે. તેમણે જણાવ્યું હતું કે અમારા પક્ષને હોર્સ ટ્રેડિંગ કરવાની ટેવ નથી. એથી અમે નિયમને અનુસરીશું અને સરકારની રચના કરીશું. અમને એવો વિશ્વાસ છે રાજ્યપાલ (વજુભાઇ વાળા)ને મળ્યા છીએ. અમારી વિનંતિ તેમને સુપરત કરી છે.

અમે સ્થિર સરકારની રચના કરી શકશું એવી અમને ખાતરી છે. રાજ્યપાલ જેડી(એસ)-કૉંગ્રેસ યુતિ પક્ષને સરકાર રચવાનું આમંત્રણ નહીં આપે તો સર્વોચ્ચ અદાલતમાં જવાનો કોંગ્રેસનો વિચાર હોવાના સવાલનો જવાબ આપતાં તેમણે કહ્યું કે કોર્ટમાં જવાનો લોકશાહીમાં દરેક રાજકીય પક્ષ કોર્ટમાં જઈ શકે છે. (પીટીઆઈ) ■

# કર્ણાટકમાં હાર માટે સિદ્ધરામૈયાને દોષી ઠેરવ્યા વરિષ્ઠ કૉંગી નેતાઓએ

## વિધાનસભ્યોની બેઠકમાં સિદ્ધરામૈયા ભાવુક થઇ ગયા

*બેંગલૂરુ:* કર્ણાટકની ચૂંટણીનાં પરિણામો આવ્યા બાદ મંગળવારે યોજાયેલી વિધાનસભ્યોની એક મીટિંગમાં કૉંગ્રેસના પરાભવ બાદ સિદ્ધરામૈયા ખૂબ ભાવુક થઈ ગયા હતા. જોકે પક્ષના વરિષ્ઠ નેતાઓએ તો દોષનો ટોપલો માજી મુખ્ય પ્રધાનને માથે જ ઢોળ્યો હતો, એમ પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું. ૬૯ વર્ષના નેતાની પક્ષના વરિષ્ઠ વિધાનસભ્યોએ ભારે ઝાટકણી કાઢી હતી. લિંગાયત મુદ્દે તથા ઉમેદવારોની પસંદગી મુદ્દે નિષ્ફળતા બદલ તેમને માથે માછલાં ધોયાં છે. દરમિયાન ગૃહ પ્રધાન રામલિંગા રેડ્ડીએ કહ્યું હતું કે ત્રણ-ચાર જણ હજી પહોંચી રહ્યા છે પણ સંપર્કમાં છે. મોટા ભાગના વિધાનસભ્યો હાજર રહ્યા હતા. અમારે પક્ષે ૧૧૭ વિધાનસભ્યો ન હોવા છતાં પણ જો અમને રાજ્યપાલ સરકાર બનાવવા નિમંત્રણ ન આપે તો પછી કેમ આગળ ધપવું એ અમે નક્કી કરીશું. વિદાય લઈ રહેલા મુખ્ય પ્રધાને લાગણીશીલ સ્વરે કહ્યું કે મારી સરકારે સારામાં સારા વિકાસ કાર્યો કર્યા હોવા છતાં પણ હારી ગયા છીએ. (પીટીઆઇ)■

# મોદીની ટીકા બદલ સિદ્ધરામૈયાની ઝાટકણી કાઢી પ્રસાદે

*નવી દિલ્હી:* વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યમાં ભાજપને સત્તા પર લાવવા માટે હોર્સ ટ્રેડિંગને પ્રોત્સાહન આપી રહ્યા હોવાનો આક્ષેપ કરવા બદલ કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયાની જાટકણી કાઢતા જણાવ્યું હતું કે કૉંગ્રેસે એ વાત સમજવી જોઇએ કે લોકમત કૉંગ્રેસની વિરુદ્ધ છે.

કર્ણાટકની ચૂંટણી વખતે સિદ્ધરામૈયા એક બેઠક પરથી હાર્યા અને બીજી પર માંડમાંડ જીત્યા હોવાની વાતની મજાક ઉડાવતા પ્રસાદે જણાવ્યું હતું કે એમની કેબિનેટના ફક્ત ૧૬ પ્રધાનો હાર્યા હતા. મેં મીડિયામાં સિદ્ધરામૈયાની વડા પ્રધાન માટે બેજવાબદાર, ગેરમાર્ગે દોરનારી અને દુર્ભાવનાપૂર્ણ કોમેન્ટ જોઇ. એમણે કરેલા આક્ષેપોને હું તદ્દન નકારું છું.

વડા પ્રધાને ભાજપના કાર્યકર્તાને સંબોધતા કર્ણાટકના મતદારોનો આભાર માન્યો હતો અને રાજ્યના વિકાસ માટે કેન્દ્ર ખભેખભા મેળવીને કામ કરશે, એવું વચન આપ્યું હતું. પ્રસાદે જણાવ્યું હતું કે મને નથી લાગતું કે વડા પ્રધાને કશું એવું કહ્યું હોય કે જેથી સિદ્ધરામૈયાએ આવો આક્ષેપ કરવો પડે. કૉંગ્રેસે લોકોમત સમજવો અને એનો આદર કરવો જોઇએ. (પીટીઆઇ)■

# મોદી કર્ણાટકમાં સોદાબાજી કરાવે છેઃ સિદ્ધરામૈયા

*બેંગલૂરુ:* કર્ણાટકના વિદાઇ લઇ રહેલા મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયાએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)ને સત્તા પર લાવવા માટે સોદાબાજી કરાવે છે. તેમણે જણાવ્યું હતું કે જનતા દળ (એસ) અને કૉંગ્રેસની યુતિને ૧૧૭ વિધાનસભ્યનો ટેકો હોવાથી રાજ્યપાલ વજુભાઇ વાળાએ અમને રાજ્યમાં સરકાર રચવા આમંત્રણ આપવું જોઇએ. સિદ્ધરામૈયાએ જનતા દળ (એસ)ને ટેકો આપવા માટે કૉંગ્રેસમાં મતભેદ હોવાના અહેવાલ નકારી કાઢ્યા હતા. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં જનતા દળ (એસ)ને ૩૭ અને કૉંગ્રેસને ૭૮ બેઠક મળી છે. (પીટીઆઇ)■


## પશ્ચિમ રેલવે

**સુધારો**

ઈ-લીલાઉ વેચાણ કાર્યક્રમ મટેરીયલ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ અંગેનો. કૃપયા પ્રીન્સીપાલ ચીફ મટેરીયલ્સ મેનેજર ઈ-લીલાઉ વેચાણ નોટીફીકેશન નં. એસ૪૩૮/ઈ-લીલાઉ/૨૦૧૮-૧૯ તા. ૧૦/૫/૧૮ માટે ડે. CMM (સેલ્સ)ની ઓફીસ રીફર કરો. ૨૧/૬/૧૮ના યોજાનાર ઈ-લીલાઉ વેચાણનો બીજો રાઉન્ડ હવે નીચે મુજબ ફરીથી શેડ્યુલ કરાયેલ છે. **BCT (મુંબઈ સેન્ટ્રલ) ખાતે ૨૭/૬/૧૮ના યોજાશે.** અન્ય શરતો અને નિયમોમાં કોઈ ફેરફાર નથી. કૃપયા મટેરીયલ્સ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટની પ.રે. વેબસાઈટ એટલે કે **www.wr.indianrailways.gov.in** તેમ જ **www.ireps.gov.in** ઈ-ઓક્શન પોર્ટલ પર વધુ માહિતી માટે મુલાકાત લો.

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે

**સુધારો**

ઈ-લીલાઉ વેચાણ કાર્યક્રમ મટેરીયલ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ અંગેનો. કૃપયા પ્રીન્સીપાલ ચીફ મટેરીયલ્સ મેનેજર ઈ-લીલાઉ વેચાણ નોટીફીકેશન નં. એસ૪૩૮/ઈ-લીલાઉ/૨૦૧૮-૧૯ તા. ૧૭/૪/૧૮ માટે ડે. CMM (સેલ્સ)ની ઓફીસ રીફર કરો. MX (મહાલક્ષ્મી) ડેપો ખાતે ૨૧/૫/૧૮ના અને ADI (અમદાવાદ) ડીવીજન ખાતે ૨૩/૫/૧૮ના યોજાનાર ઈ-લીલાઉ વેચાણનો બીજો રાઉન્ડ હવે નીચે મુજબ ફરીથી શેડ્યુલ કરાયેલ છે. **MX (મહાલક્ષ્મી) ડેપો - ૨૯/૫/૧૮ ADI (અમદાવાદ) ડીવીજન - ૩૦/૫/૧૮** અન્ય શરતો અને નિયમોમાં કોઈ ફેરફાર નથી. કૃપયા મટેરીયલ્સ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટની પ.રે. વેબસાઈટ એટલે કે **www.wr.indianrailways.gov.in** તેમ જ **www.ireps.gov.in** ઈ-ઓક્શન પોર્ટલ પર વધુ માહિતી માટે મુલાકાત લો.

અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વારાણસીમાં તૂટી પડેલા પુલ બાંધનારી કંપની અગાઉ પણ તપાસના સકંજામાં હતી

*વારાણસી:* યુપી સ્ટેટ બ્રિજ કોર્પોરેશન લિમિટેડ દ્વારા નિર્માણ થઈ રહેલા વારાણસી ફ્લાયઓવર તૂટી પડ્યા અગાઉ પણ બ્રિજ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા બાંધવામાં આવેલા માળખું તૂટી પડ્યાના અહેવાલ છતાં તપાસની કાર્યવાહી નહીં થઈ રહી હોવાનું સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે. ઇરાન, યમન અને નેપાળની જેમ ભારતમાં પણ બ્રિજ તથા ફ્લાયઓવરના પ્રોજેક્ટ હાથ ધરતી યુપી સ્ટેટ બ્રિજ કોર્પોરેશન લિમિટેડ અગાઉ પણ બે વખત તપાસના સકંજામાં આવી ચૂકી છે. જાહેર બાંધકામ સાથે સંકળાયેલા એન્જિનિયરે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે ૨૦૧૦માં યુપી સ્ટેટ બ્રિજકોર્પોરેશન લિમિટેડ દ્વારા નિર્માણ થયેલો ૧૦૮૬.૬૨ મીટર લાંબો ચિલઘાટ બ્રિજ ઉદઘાટન થયાના ૧૩માં દિવસે તૂટી પડ્યો હતો. બ્રિજ રૂ. ૬૫૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે તપાસનો આદેશ આપ્યો હતો પરંતુ ઊતરતી ગુણવત્તાને પરિણામે થયેલી દુર્ઘટના વિરુદ્ધ એકપણ એન્જિનિયર વિરુદ્ધ પગલાં ભરવામાં આવ્યા નથી. એજન્સી દ્વારા બાંધવામાં આવી રહેલો વારાણસી ફ્લાયઓવરનો પિલર અચાનક જ ભાંગી પડતા રાહદારી તથા વાહનો કાટમાળ નીચે દટાયા હતા. કાટમાળ નીચે દટાયેલી બસ તથા અન્ય છ વાહન હોવાથી મૃત્યુઆંક વધુ ઊંચો જવાની સંભાવના છે.

નરેન્દ્ર મોદીના મતદાનક્ષેત્ર ખાતે સર્જાયેલી દુર્ઘટનામાં ઘટના સ્થળ પર નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની પાંચ બચાવ ટુકડી પહોંચી ગઈ છે. યુપી એન્જિનિયર એસોસિયેશનના જનરલ સેક્રેટરી સુરજિતસિંહે નિરંજને સલામતીના નિયમોને નહીં અનુસરવા બદલ વહીવટીતંત્ર તથા કન્સ્ટ્રક્શન એજન્સીને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જાહેર સ્થળો પર બાંધકામના ક્ષેત્રમાં વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવો જરૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ પુલનું ૫૬ ટકા કામ ૧૨૯ કરોડના ખર્ચે પૂરું કરવામાં આવ્યું છે.■


## BRIHANMUMBAI MAHANAGARPALIKA

(महापालिका कार्यशाळा)
क्र. उप प्र. अभि. (यां. व वि.)/1601/शहर

**ई-निविदा सूचना**

मुंबई महानगरपालिका आयुक्त यांच्या आदेशान्वये सक्षम बोलीदारांकडून म.न.पा. कार्यशाळा, 103, आर. एस. निमकर मार्ग, मुंबई 400008 अनुज्ञा व अनुज्ञापन तत्त्वावर चालविण्यास देण्याकरिता नविन कंत्राटदार नियुक्त करण्यासाठी ई-निविदा मागविण्यात आली होती. परंतु त्यास दि. 07.05.2018 व दि. 14.05.2018 रोजी (शुद्धीपत्रक-1) अंतिम तारखेस कोणताही प्रतिसाद प्राप्त झाला नाही. यास्तव बोलीची सुरुवातीची व अंतिम तारीख व वेळ दि. 21.04.2018 दुपारी 4.00 वाजेपर्यंत वाढविण्यात आलेली आहे. याबाबत बृहन्मुंबई महानगरपालिकेच्या संकेतस्थळावर निविदा या अनुभागांतर्गत असलेल्या विस्तृत निविदेच्या शुद्धीपत्रक-२ मध्ये निर्देशित केलेली आहे.

इच्छुक निविदाकारांनी निविदेच्या सविस्तर तपशीलासाठी म.न.पा.च्या http: portal.mcgm.gov.in या संकेतस्थळाला भेट द्यावी.

निविदा दस्तऐवज टपालाने वितरीत वा स्वीकृत करण्यात येणार नाहीत.

सही/-
उप प्रमुख अभियंता (यां. व. वि.) शहर (प्र.)

PRO/177/ADV./18-19/Corri-II

પાણી બચાવો, પાણીનો બગાડ ટાળો.



## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### મુંબઈ પોર્ટ ટ્રસ્ટ

**મેજર પોર્ટ ટ્રસ્ટસ ધારા ૧૯૬૩ની કલમો ૬૧ અને ૬૨ હેઠળ વેચાણ માટેની નોટિસ.**

લેન્ડીંગની તેમની સંબંધિત તારીખથી બે માસ કરતાં વધુ સમય માટે પડી રહેલ અનક્લીયર્ડ નીચે જણાવેલ માલ ૨૮/૦૫/૨૦૧૮ના કે ત્યારબાદ કોઈપણ તારીખે ઈ-ટેન્ડર સહ ઈ-લીલામથી વેચવામાં આવશે, જો આ માલ આની તારીખથી દસ દિવસમાં કન્સાઈનીઝ દ્વારા ક્લીઅર કરવામાં નહીં આવે.

નોકિયા ૭૨૧૦/૨૧૦૦ અને નોકિયા ૬૧૦૦ માટે વપરાયેલ મોબાઈલ ઈન્ટર્નલ બેટરીઝ. ૧) હન્નાહ એન્ટરપ્રાઈઝીઝ કં. ૨) એસ શિપીંગ એન્ડ ઓફ શોર કં. પી. એલ. ૩) આલ્બાટ્રોસ શીપીંગ લિ. - વાયર બાઈન્ડીંગ એલીમેન્ટસઃ સ્પાયરલ. ૧) મોદી જીબીસી લિ. ૨) સી બ્રિજ મેરીટાઈમ એજન્સીસ પ્રા. લિ., વોલ માઉન્ટેડ સ્પ્લિટ રૂમ એર કંડિશનર્સ કેપેસિટી - ૧ ટન. બાયસીકલ, બ્રાન્ડ - ડેકારોન, સ્પેર પાર્ટ્સ, ૧) એકમે એક્ઝીમ કં. લિ. ૨) શાહી શિપીંગ લિ. ૩) હ્યુન્ડાઈ મર્ચન્ટ મરિન ઈન્ડીયા પ્રા. લિ. ૪) વર્મા એન્ડ સન્સ, શીપ સ્કીન અને લેમ્બ સ્કીન. ૧) ડોસીઆનિક ડોલ્ફિન ઍપેરલ્સ પ્રા. લિ. ૨) MSC એજન્સી (ઈન્ડીયા) પ્રા. લિ. ૩) MSC એજન્સી (ઈન્ડીયા) પ્રા. લિ., રીફાઈન્ડ અને ડીઓડરાઈઝ્ડ RBD પામોલિન. ૧) SAR ઈમ્પેક્સ ટ્રેડીંગ Spl ૨) શાહી શિપીંગ લિ. ૩) હ્યુન્ડાઈ મર્ચન્ટ મરિન ઈન્ડીયા પ્રા. લિ., જુના અને વપરાયેલા કોમ્પ્યુટર પાર્ટ્સ. ૧) હાઈએઈમ એક્ઝિમ પ્રાયવેટ લિમિટેડ ૨) હપાગ લોઈડ ઈન્ડીયા પ્રા. લિ., વોર્ન ક્લોથસ. - ૧) અમેરિકન પ્રેસ્ટિજ સપ્લાઈઝ ૨) શાહી શિપીંગ લિ. ૩) હ્યુન્ડાઈ મર્ચન્ટ મરિન ઈન્ડીયા પ્રા. લિ., સી. આર. કોઈલ ડીફેક્ટીવ. ૧) MSC એજન્સી (ઈન્ડીયા) પ્રા. લિ., સાઉદી ખજુર, મેન્યુ. તારીખઃ- ૧૦/૨૦૧૭, એક્સ. તારીખઃ ૦૯/૨૦૧૯. ૧) ઝમઝમ ઈન્ડીયા ૨) હપાગ લોઈડ ઈન્ડીયા પ્રા. લિ. ૩) હપાગ લોઈડ ઈન્ડીયા પ્રા. લિ., ઓરેન્જ ફ્રુટ જ્યુસ, પાઈનેપલ ફ્રુટ જ્યુસ ૧) યુવેલ ફુડ પ્રાયવેટ લિમિટેડ ૨) યાંગ મિંગ લાઈન (I) પ્રા. લિ.

વિશેષમાં નોંધ લેવાની કે ઉપરોક્ત લૉટસ ઉપરાંત ૨૮/૦૩/૨૦૧૮ અગાઉ ઉતરેલ તમામ સામાન જેના માટે વિશેષ સૂચના નહિ અપાયેલ હશે તેનો પણ આ લિલામમાં સમાવેશ કરાશે. જનરલમાં ઈમ્પોર્ટર્સ અને એક્સપોર્ટર્સને નોંધ લેવા વિનંતી કે પોર્ટ ટ્રસ્ટ ચાર્જીસની ચુકવણીને હિસાબે વેચાણમાંથી અગાઉ પાછો ખેંચાયેલ માલ જેને માટે ચાર્જીસ ચૂકવાયેલ છે તે મુદત પૂરી થવા પર આ ઈ-ટેન્ડર સહ ઈ-લીલામ વેચાણમાં રીલીસ્ટ કરાયેલ છે.

- ઈ-લીલામ દર અઠવાડિયે આયોજિત કરવામાં આવે છે.
- વેચાયેલા માલના ક્લીયરંસમાં કોઈ કસ્ટમ વિધિઓનો સમાવેશ નથી.
- ખરીદદાર દ્વારા કસ્ટમ ડ્યૂટીની ચૂકવણી કરવાની નથી.

માલની વધુ વિગતો માટે કૃપયા મુલાકાત લો.
એમબીપીટી વેબસાઈટઃ **www.mumbaiport.gov.in**
ઈ-ઓક્શનર વેબસાઈટઃ **https://mstcecommerce.com**

MbPT-16-2018 ટ્રાફિક મેનેજર

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નં. | ૭૧૦૦૧૨૬૧૬૭ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | ચોમાસા ૨૦૧૮ની મુદત દરમ્યાન રક્ષણ માટે મેઈન સ્યુઅર સીટી ઓફિસ બિલ્ડીંગની ટેરેસ પર હંગામી શેડ (ટાર્પોલીન)નું ઈરેકશન. |
| ટેન્ડરની કિંમત | રૂા. ૮૦૦/- (+૫% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટેમ દર ટેન્ડર |
| બા.ર.ડી. | રૂા. ૧૦,૫૦૦/- |
| ટેન્ડરને જારી અને વેચાણની તારીખ | ૧૭.૦૫.૨૦૧૮ના ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરના વેચાણ અને બારડીની ચૂકવણી માટે અંતિમ તારીખ અને સમય | ૨૫.૦૫.૨૦૧૮ના ૧૬.૦૦ ક. સુધી |
| પાકીટ એ, બી અને સીની ઓનલાઈન સુપ્રત | ૨૫.૦૫.૨૦૧૮ના ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બિડ મીટિંગ | એનએ |
| પાકીટ એ ખોલાશે | ૨૫.૦૫.૨૦૧૮ના ૧૬:૧૦ ક. |
| પાકીટ બી ખોલાશે | ૨૫.૦૫.૨૦૧૮ના ૧૬:૧૫ ક. |
| પાકીટ સી ખોલાશે | ૩૧.૦૫.૨૦૧૮ના ૧૫:૦૦ ક. |
| સંદેશાવ્યવહાર માટે સરનામું | નીચેના કાર્યાલય ખાતેઃ ડે. ચીફ એન્જિનિઅર (SO) P&MS શહેર, ૨જા માળે, સીવરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ - ૪૦૦૦૦૯. |
| બિડને ખોલવાનું સ્થળ | એક્ઝિક્યુટીવ એન્જિનિઅર મીકે (MS) શહેર, ૨જા માળે, સીવરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ - ૪૦૦૦૦૯ની ઓફિસ. |

સહી/-
ઈ. ઈ. મીકે. (MS) શહેર

PRO/262/ADV./18-19

પાણી બચાવો, પાણીનો બગાડ ટાળો

## જાહેર નોટિસ

**આથી ખબર આપવામાં આવે છે કે, (૧) રાજેન્દ્ર જગજીવન ગોરડીયા ઉર્ફે રાજેન્દ્ર જગજીવન રવજી ગોરડીયા અને (૨) ઉષાબેન નવનિતરાય વોરા** (ટૂંકમાં લેસીસ) જમીનના પ્લોટ સંબંધમાં લીઝ હોલ્ડ હક્ક ધરાવતા હોવાનો દાવો કરી રહ્યા છે તથા સદર પ્રોપર્ટી પર લોજિંગ એન્ડ બોર્ડિંગ હોટેલ ચલાવનાર નામે માધવાશ્રમ પ્રાયવેટ લિમિટેડ ભાડુતના હક્કને આધિન જમીનના સદર પ્લોટ પર બંધાયેલ મકાનના માલિકો તરીકેનો દાવો કરી રહ્યા છે. જમીનનો સદર પ્લોટ જેની સાથે તેના પર રહેલ મકાન હવે પછી **"સદર મિલકત"** મુજબ ઉલ્લેખાશે અને તેને અહીં નીચે લખાયેલા **પ્રથમ પરિશિષ્ઠ**માં વધુ વિગતવાર રીતે વર્ણવેલ છે.

લેસીસે જણાવ્યું છે કે, અહીં નીચે લખાયેલા **દ્વિતિય પરિશિષ્ઠ**માં સેટ આઉટ ટાઈટલના દસ્તાવેજોની ફક્ત પ્રમાણિત ખરી નકલો તેઓના કબજામાં છે અને તેની **અસલ** ગુમાયેલ અને ગેરવલ્લે થયેલ છે.

અમારા અસિલો સદર મિલકત સંબંધિત લીઝ હોલ્ડ હક્ક ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યા છે અને સદર મિલકત વિશે લેસીસનું ટાઈટલ ચકાસવાની અમોને સૂચના આપી છે.

**પ્રથમ પરિશિષ્ઠ**માં વર્ણવેલ સદર મિલકત કે તેના કોઈપણ હિસ્સામાં વેચાણ, ચાર્જ, એક્ષચેંજ, ભેટ, લીઝ, પેટા-લીઝ, લીઅન, વિકાસ કરાર, સંયુક્ત સાહસ, ભાડુતી, વારસો, ગીરો કે બીજી કોઈપણ રીતે અથવા **દ્વિતિય પરિશિષ્ઠ**માં જણાવેલ ગેરવલ્લે કે ગુમાવેલ દસ્તાવેજોના કોઈપણના કબજામાંના અથવા કોઈપણ હિત કે કોઈપણ દાવો ધરાવનાર જે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓએ આના પ્રકાશનની તારીખથી **૧૫ (પંદર)** દિવસ સુધીમાં ૧૬, રાજા બહાદુર મેન્શન, ૧લા માળે, ૧૧, હોમી મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે સમર્થનના કોઈપણ દસ્તાવેજો સાથે અમોને લેખિતમાં તેની જાણ કરવાની રહેશે, આમ કરવામાં નિષ્ફળ જવાથી એવું માનવામાં આવશે કે લેસીસ સદર મિલકત સંબંધિત લીઝહોલ્ડ હક્ક માટે સંપૂર્ણ રીતે હક્કદાર છે અને લેસીસ હક્ક તમામ બોજાઓથી મુક્ત છે અને ટાઈટલના ચકાસણીની બાબત અને તેને સંબંધિત લેવડદેવડ આવા કોઈપણ દાવાના સંદર્ભ વગર પૂર્ણ કરવામાં આવશે અને આવા દાવા હશે તો તેને ત્યજી દીધેલ ગણવામાં આવશે.

**ઉપર ઉલ્લેખાયેલાનું પ્રથમ પરિશિષ્ઠ:**
**(મિલ્કતનું વર્ણન)**

પ્લોટ નં. ૨૯માં રહેલ જમીનનો તે તમામ ટુકડો અને કકડો માપમાં ૯૬૧.૫૪ ચો.મીટર્સ (PR કાર્ડ મુજબ) જે ગિરગામ ડિવિઝનનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૨૮૩ અને સર્વે નં. ૭૩૯૨નો ભાગ ધરાવે છે, જેની સાથે તેના પર રહેલ બિલ્ડિંગ જે ૧૮, પારેખ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૪ ખાતે આવેલ પડેલ અને રહેલ છે અને નોંધણી જિલ્લા મુંબઈ શહેરના અને મુંબઈ ઉપનગર જિલ્લામાં છે.

**ઉપર ઉલ્લેખાયેલાનું દ્વિતિય પરિશિષ્ઠ:**
**(ગેરવલ્લે થયેલ દસ્તાવેજોનું વર્ણન)**

૧) ૧૧મી ઓક્ટોબર, ૧૯૧૫ થી અમલી ૯૯૯ વર્ષની મુદત માટે એક ભાગના મુંબઈના શહેરની સુધારણા માટે ટ્રસ્ટીઓ દ્વારા અને બીજા ભાગના વેન્કટ લિમ્બાજી કોડલ અને નરોત્તમ હેમરાજ દ્વારા એક્ઝિક્યુટ થયેલ ૧૯૧૭ના અનુક્રમાંક ૮૫૮ તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૧૬નું બિલ્ડિંગ લીઝ માટેનું એગ્રીમેન્ટ.

૨) એક ભાગના મુંબઈના શહેરની સુધારણા માટે ટ્રસ્ટીઓ અને બીજા ભાગના વેન્કટ લિમ્બાજી કોડલ અને નરોત્તમ હેમરાજની વચ્ચે ૧૯૧૭ના અનુક્રમાંક ૮૫૯ હેઠળ સબરજિસ્ટ્રાર ઓફ એસ્યુરન્સીસના કાર્યાલય સાથે નોંધાયેલ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૧૭નું ઈન્ડેન્ચર ઓફ લીઝ.

૩) ૧૯૧૮ના સ્યુટ નં. ૧૨૮માં મરહૂમ દિલાવરખાન દૌલતખાન રિસાલદારની એસ્ટેટના રીસીવર નાનાભોય મૂસ અને ધોન્ડુ વિષ્ણુ સાલવે (ખરીદદાર) વચ્ચે એક્ઝિક્યુટ થયેલ તારીખ ૫મી મે, ૧૯૨૧ના ૧૯૨૧ના અનુક્રમાંક ૧૩૫૬ હેઠળ સબરજિસ્ટ્રાર ઓફ એસ્યુરન્સીસના કાર્યાલય સાથે નોંધાયેલ ઈન્ડેન્ચર ઓફ એસાઈનમેન્ટ.

૪) પરશરામ પાંડુરંગ મહાજન (વિક્રેતા) અને જગજીવન રવજી અને બાબુભાઈ રવજી (ખરીદદારો) વચ્ચે એક્ઝિક્યુટ થયેલ ૧૯૪૪ના અનુક્રમાંક BOM/૬૦૯૫ હેઠળ રજિસ્ટ્રાર ઓફ સબ એસ્યુરન્સીસ સાથે નોંધાયેલ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૪૪નું ઈન્ડેન્ચર ઓફ એસાઈનમેન્ટ.

૫) જગજીવન રવજી અને બાબુભાઈ રવજી વચ્ચે ૧૯૫૦ના ક્ર. BOM ૩૯૪ હેઠળ સબરજિસ્ટ્રાર ઓફિસમાં નોંધાયેલ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૫૦નું ડીડ ઓફ પાર્ટીશન, જેની દ્વારા સદર મિલકતમાંના હક્કો જગજીવન રવજીની તરફેણમાં રીલીઝ કરાયેલ હતા.

**તારીખઃ ૧૭-૫-૨૦૧૮ સહી/- શિરાલકર એન્ડ કાં., એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ, ૧લા માળે, ૧૬, રાજાબહાદુર મેન્શન, ૧૧, હોમી મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.**